# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA

NAAC Re-Accreditation CGPA 3.11 Grade - 'A'

Website : www.spuvvn.edu

Phone: (02692) 226822/23

SCHOLARSHIP SECTION


## પરિપત્ર

ફ્રી સ્ટુડન્ટશીપ શિષ્યવૃતિ અંતર્ગત અનુસ્નાતક અભ્યાસક્રમ ફ્રી માં રાહત આપવા અંગે તા. ૧૭/૦૪/૨૦૨૩ તથા ૨૮/૦૪/૨૦૨૩ ની મંજુરી નોંધમાં મળેલ ભલામણ મુજબ સી.ડી.એફ. બજેટ સિવાય અન્ય કોડ યુનિ. જનરલ ફંડ ખાતેથી સ્કોલરશીપ માટે અલગ ફંડ ફાળવણી અંગે વિચારણા કરવા બાબત અંગે તા.૧૩-૦૬-૨૦૨૩ ના રોજ મળેલ Finance And Establishment સભામાં બાબત ક્રમાંક ૯ થી નીચે મુજબની ભલામણ કરવામાં આવી છે.

સભામાં થયેલ સર્વગ્રાહી અને પુખ્ત વિચારણાને અંતે આથી ભલામણ કરવામાં આવે છે કે,ફ્રી સ્ટુડન્ટશીપ શિષ્યવૃતિ અંતર્ગત અનુસ્નાતક અભ્યાસક્રમમાં ફ્રીમાં રાહત આપવા અંગે તા. ૧૭/૦૪/૨૦૨૩ તથા ૨૮/૦૪/૨૦૨૩ ની મંજુરી નોંધમાં મળેલ ભલામણ મુજબન સી.ડી.એફ. બજેટ સિવાય અન્ય કોડ યુનિ. જનરલ ફંડ કોડ નં.૪૦૦૦૧ ખાતેથી સ્કોલરશીપ માટે અલગ ફંડ ફાળવવા મંજુરી આપવામાં આવે છે.

તારીખ ૨૨-૦૬-૨૦૨૩ ના રોજ મળેલ સીન્ડીકેટ સભા દ્વારા બાબત ક્રમાંક ૨૫ થી ઉપરોક્ત ભલામણ ને મંજુર કરવામાં આવે છે

ઉપરોક્ત બાબતને ધ્યાને લેતા યુનિવર્સીટી વિભાગમાં સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે મેરીટના ધોરણે ફ્રી સ્ટુડન્ટશીપ શિષ્યવૃતિ અંતર્ગત અનુસ્નાતક અભ્યાસક્રમમાં ૫% વિદ્યાર્થીઓને ૧૦૦% શિષ્યવૃતિ આપવી તે બાબત મંજુર થયેલ છે. આ સાથે ફ્રી સ્ટુડન્ટશીપ અંગેની માર્ગદર્શિકા બીડાણ "અ" સામેલ છે. જેની સબંધકર્તા સર્વે એ નોધ લેવા વિનંતી

સદર શિષ્યવૃતિ અંગેનું જાહેરનામું જાન્યુઆરી ૨૦૨૪ માં પ્રસિદ્ધ કરવામાં આવશે. જે અનુસાર વિભાગીય વડાશ્રીઓ આનુંસંગીક કાર્યવાહી કરવાની રેહશે.

નં/એન/સ્કો/૨૦૨૩-૨૪/૨૨૨૦

તારીખ ૧૦/૦૭/૨૦૨૩

સ્થળ: વલ્લભ વિદ્યાનગર

કુલસચિવ

નકલ રવાના : વડાશ્રી Computer-Center વિભાગ ,સરદાર પટેલ યુનિવર્સીટી.

d:\scholarship\self finance\free studentship\sf 23-24\circular regarding sf scholarship.docx

SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA
NAAC Re-Accreditation CGPA 3.11 Grade - 'A'
Website : www.spuvvn.edu Phone: (02692) 226822/23
SCHOLARSHIP SECTION

## બીડાણ = અ

## ફ્રી સ્ટુડન્ટશીપ સ્કોલરશીપ અંગેની માર્ગદર્શિકા

(Approved in F.E. Dated 13/06/2023 and Syndicate Dated 22/06/2023)

- શિષ્યવૃત્તિનું નામ " ફ્રી સ્ટુડન્ટશીપ સ્કોલરશીપ "
- શિષ્યવૃત્તિનો લાભ યુનિવર્સીટીના અનુસ્નાતક વિભાગોમાં સ્વનિર્ભર અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મળવા પાત્ર છે.
- શિષ્યવૃત્તિ કાર્યવાહી શિષ્યવૃત્તિ વિભાગ દ્વારા કરવામાં આવે છે.
- શિષ્યવૃત્તિ ના ફોર્મની ફી રૂ! ૨૫/- છે.
- શિષ્યવૃત્તિ માટે કુલ પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓની સંખ્યાના ૫% વિદ્યાર્થીઓને ૧૦૦% શિષ્યવૃત્તિમળવા પાત્ર છે
- ઉપરોક્ત આપવાની થતી શિષ્યવૃત્તિ અંગેની નાંણાકીય જરૂરિયાત (વિભાગના ડી.ડી.એફ. સિવાય) યુનિવર્સીટીના પોતાના ફંડમાંથી કરવામાં આવે છે.

## ❖ ફ્રી સ્ટુડન્ટશીપ સ્કોલરશીપના નિયમો

- વિદ્યાર્થીના માતા- પિતાની કુલ વાર્ષિક આવક રૂ! ૬,૦૦ ,૦૦૦,/- થી વધુ ના હોવી જોઈએ.
- શિષ્યવૃત્તિનો લાભ વર્ષ દીઠ મળવા પાત્ર થશે શિષ્યવૃત્તિનો લાભ વિદ્યાર્થીઓને Merit-Cum -Means ના ધોરણે મળવા પાત્ર રેહશે.

| Semester | Merit Criteria |
|---|---|
| I & II | UG (CGPA) |
| III & IV | PG Average (GPA- I Sem & GPA - II Sem) |

- જે વિદ્યાર્થી ઓ.બી.સી/એસ.સી/ એસ.ટી/બક્ષીપંચ, રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારશ્રી તરફથી કે અન્યકોઈ મળતી શિષ્યવૃત્તિનો લાભ મળતો હશે તેવા વિદ્યાર્થીઓ ને શિષ્યવૃત્તિ નો લાભ મળવા પાત્ર થશે નહી.
- વિદ્યાર્થીએ તેના અભ્યાસમાં પ્રગતિ, ચારિત્ર, વર્તણુંક અને હાજરી વગેરે બાબતો અંગેનું વડાશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રેહશે.
- જે તે વર્ષમાં નાપાસ થનાર વિદ્યાર્થીને (કોઇપણ સેમેસ્ટરમાં એકપણ વિષયમાં NC હોવી જોઈએ નહી.) ચોરી કેસમાં નોંધાયેલ વિધાર્થીને તેના પછીના સેમેસ્ટરમાં આ શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે નહી.
  - ઉ.દા. = જે વિધાર્થી 2- sem હશે તો Sem-1 માં કોઇપણ એક વિષયમાં NC હશે તો તેને મળવા પાત્ર નથી.
  - જે વિધાર્થી 4rd sem હશે તો Sem-I & sem II & sem III માં કોઇપણ એક વિષયમાં NC હશે તો તેને મળવા પાત્ર નથી.
- શિષ્યવૃત્તિ મંજુર/ ના મંજુર કરવા અંગેના તમામ અધિકાર માનનીય કુલપતિશ્રીના રેહશે.
- મંજુર થયેલ અથવા મંજુર નહી થયેલ શિષ્યવૃત્તિ અંગે કોઇપણ વિવાદ ઉપસ્થિત થાય તેવા સંજોગોમાં માનનીય કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે.
- ઓફલાઈન ફોર્મ સાથે બધા અસલપ્રમાણ પત્રો ફરજીયાત પણે શિષ્યવૃતિ વિભાગમાં ચકાસણી અર્થે રજુ કરવાના રેહશે.

<u>અરજી સાથે રજુ કરવાના પ્રમાણપત્રો</u>

- આવક અંગેનું પ્રમાણપત્ર માત્ર મામલદારશ્રી / તાલુકા વિકાસ અધિકારીશ્રીનું જ માન્ય ગણાશે.(આવક અંગેનું પ્રમાણપત્ર પીતાનુ જ હોવું જોઈએ. પિતા હયાત ન હોય તો તે અંગેનો ખુલાસો)

# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA

NAAC Re-Accreditation CGPA 3.11 Grade - 'A'

Website : www.spuvvn.edu

Phone: (02692) 226822/23

SCHOLARSHIP SECTION

- યુનિવર્સીટીના અનુસ્નાતક વિભાગમાં બીજા સેમિસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સ્નાતક કક્ષાની પાંચમાં અને છઠ્ઠા સેમિસ્ટરની અને ચોથા સેમિસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અનુસ્નાતક કક્ષાની પ્રથમ અને બીજા સેમિસ્ટરની પરીક્ષાની માર્કશીટ ની પ્રમાણિત નકલ રજુ કરવાની રહશે
- સંબંધિત અભ્યાસક્રમ ની ટર્મ ફી ની વિભાગના વડાશ્રી દ્વારા પ્રમાણિત કરેલ રસીદની નકલ.
- અન્ય કોઈ શિષ્યવૃત્તિ મેળવેલ ના હોત એનું સોગંદનામું.
- બેંક પાસબુક અથવા કેન્સલ ચેક અને આધાર કાર્ડ ની સ્વપ્રમાણિત કરેલી નકલ.
- શાળા છોડ્યાનું પ્રમાણ પત્ર.
- વિદ્યાર્થીનો પાસપોર્ટ સાઈઝનો ફોટો

નં/એન/સ્કો/૨૦૨૩-૨૪/ ૨૨૨૦ (૧)

તારીખ ૧૦/૦૭/૨૦૨૩

સ્થળ: વલ્લભ વિદ્યાનગર

કુલસચિવ